## વડીલોને વંદન અભિનંદન



નરેશકુમાર ચંદુલાલ લીંબાચીયા (૧૯૪૩)ફોન:૨૩૨૨૭૯૭૩

# પોલીસ તંત્રમાં બઢતી માટે ડી.પી.સી.ની બેઠક બોલાવવા કવાયત શરૂ કરાઈ

## ડિસેમ્બરના અંતમાં પોલીસતંત્રમાં ફેરફારો કરાશે

ગાંધીનગર, તા.૨૫

રાજયના પોલીસ તંત્રમાં બઢતીની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવા માટે ગૃહ વિભાગમાં વધારાનો સ્ટાફ ફાળવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.


ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી પી.એસ.આઈ.માંથી પી.આઈ. તરીકે અને પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવાની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

આ ઉપરાંત ડીવાયએસપીમાંથી એસ.પી.માં બઢતી આપવા માટેની પ્રક્રિયા પણ વહીવટી કારણોસર વિલંબમાં પડવા પામી છે. હવે આ બઢતી માટેની પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે ગૃહ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આગામી લોકસભા ચૂંટણીઓ અંગેનું જાહેરનામું આગામી માર્ચ મહિનામાં બહાર પડે તેમ હોઈ આ ચૂંટણી પહેલા પોલીસતંત્રમાં બઢતી અને બદલીની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની દિશામાં રાજય સરકારે કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પી.એસ.આઈ.માંથી પી.આઈ.તરીકે અને પી.આઈ.માંથી ડીવાયએસપી તરીકે બઢતી આપવા માટે ડીપીસીની બેઠક મળતી હોય છે. આથી આ ડીપીસીની કામગીરી માટે ગૃહ વિભાગના સંબંધિત પ્રભાગમાં સ્ટાફની અછત હોવાને કારણે વધારાનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. જેથી કરીને અધિકારીઓના ખાનગી અહેવાલો એકત્રીત કરીને તેની ચકાસણી કરીને ડી.પી.સી.ની બેઠકમાં તમામ વિગતો સામેના અહેવાલ રજુ કરી શકાય.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડીસેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં ડી.પી.સી.ની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવામાં આવે અને મહિનાના અંતમાં પોલીસ તંત્રમાં બદલી અને બઢતીઓનો દોર શરુ કરીને ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



સોલા રોડ પર આવેલા પારસનગર નજીક પાશ્વનાથ જૈન દેરાસરમાં ચોરી થઈ હતી.

## નાની છાસઠ નાયી સમાજનો ૧૮મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૫

નાની છાસઠ નાયી સમાજ દ્વારા અઢઆરમો સમૂહ લગ્નોત્સવ તા. ૨૯ નવેમ્બર શુક્રવારના રોજ શાંતિનિકેતન વિદ્યાસંકુલ પડુસ્મા ખાતે યોજવામાં આવશે.

નાની છાસઠ નાયી સમાજ દ્વારા યોજાનાર સમૂહ લગ્નોત્સવમાં ૩૪ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. જેમાં ગુજરાત રાજય મંત્રી નિતીનભાઈ પટેલ, મંત્રી ગણપતભાઈ વસાવા, પરબતભાઈ પટેલ તેમજ અનેક સમાજ પ્રેમી ઉપસ્થિત રહેશે.

## સંગીત નાટક અકાદમી દ્વારા ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે તા. ૨-૧૨-૧૩ થી તા. ૮-૧૨-૧૩ દરમ્યાન જયશંકર સુંદરી નાટ્યગૃહ, અમદાવાદ ખાતે વિભાગીય ત્રિઅંકી નાટ્યસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટ્યસ્પર્ધા ઉપરોક્ત તારીખો દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ વાગે શરૂ કરવામાં આવશે છે. સ્પર્ધામાં રજુ થનાર વિવિધ રસસભર નાટકો નિહાળવા માટે નાટ્ય રસિકોને આથી જાહેર આમંત્રણ આપવામાં આવે છે. આ અંગેના આમંત્રણકાર્ડ સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતેથી મળી શકશે. આ સ્પર્ધામાં રજુ થનાર નાટકો વિના મૂલ્યે તથા આમંત્રણકાર્ડ વગર પણ આપ માણી શકશો.

# ગાંધીનગર શ્રીમાળી બ્રાહ્મણ સમાજે સમાજની અમૂલખ મૂડી એવા બાળકોની સિદ્ધિને બિરદાવી

ગાંધીનગર, તા. ૨૫

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪ નવેમ્બર, ૨૦૧૩ના રોજ ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે આવેલાં વનચેતના કેન્દ્ર ખાતે નિસર્ગના સાનિધ્યમાં જ્ઞાતિનું સ્નેહમિલન, તેજસ્વી તારલાંનું સન્માન અને જ્ઞાતિ ભોજન એમ ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલા સંસ્કૃતના પ્રોફેસર રશ્મીકાંતભાઈ મહેતાએ શ્રીમાળી બ્રાહ્મણોની રસપ્રદ ઐતિહાસિક માહિતી આપી જણાવ્યું હતું કે, બાળકો સમાજની શ્રેષ્ઠ મૂડી છે તેમનામાં સંસ્કાર સિંચન કરવું તે વડીલોની ફરજ છે. જ્ઞાતિ પ્રમુખ શ્રી વિપીનભાઈ ઓઝાએ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોને આવકારી જણાવ્યું હતું કે, પ્રત્યેક જ્ઞાતિજને સમાજના ઉત્કર્ષ માટે યતકિંચિત સહયોગ આપવો જોઈએ જ્યારે મંત્રી શ્રી પરેશભાઈ ત્રિવેદીએ બાળકોને જ સમાજની ધરોહર ગણાવી ધન સંચય નહીં પરંતુ શિશુમાં સંસ્કાર સિંચનના મહત્વને પ્રસ્તુત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જ્ઞાતિ અગ્રણી કારોબારી સભ્ય શ્રી આનંદભાઈ ઓઝાએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ પ્રસંગે રાજકોટથી ખાસ ઉપસ્થિત ગિરિશભાઈ ત્રિવેદી અને મનીષભાઈ ત્રિવેદી અને પ્રતીનિધિ મંડળનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જ્ઞાતિના કે.જી. થી પી.જી. સુધીના તેજસ્વી તારલાનું ઉપસ્થિત જ્ઞાતિ રત્નોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત વિષયમાં સંશોધન ગ્રંથ તૈયાર કરી ડોક્ટર ઓફ ફિલોસોફીની પદવી મેળવનાર જ્ઞાતિના યુવા અને ઉત્સાહી કારોબારી સભ્ય શ્રી જય ઉમેશભાઈ ઓઝાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારી ફરજમાં બઢતી મેળવનાર જ્ઞાતિજનોને શુભેચ્છા તેમજ જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરનારા વડિલોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને સદ્‌ગત જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે કારોબારી સભ્ય દંપતિઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે સમૂહ જ્ઞાતિ ભોજન યોજાયું હતું. આ ત્રિવિધ કાર્યક્રમના અંતે આભારવિધિ કારોબારી સભ્યશ્રી વિનોદભાઈ ત્રિવેદીએ અને કારોબારી સભ્ય શ્રી જયેશ દવેએ રસપ્રદ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ઈશ્વરપુરાની ચૌધરી યુવતી ગુમ : પોલીસ ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૫

માણસા તાલુકાની ઈશ્વરપુરા (બદપુરા)ના જેસંગભાઈ કાનાભાઈ ચૌધરીની પુત્રી કૃપાબેન ઉ.વ. ૨૧ તા. ૧૮મી નવેમ્બરથી માણસા કૉલેજમાં જવાનું કહી જતી રહેલ છે. ગુમ થનાર યુવતી શરીરે મધ્યમ બાંધાની, ઘઉંવર્ણી, મોંઢુ લંબગોળ, જીન્સ પેન્ટ, ટોપ પહેરેલ છે. ગુજરાતી હિન્દી અંગ્રેજી જાણનાર છે. કોઈ ને જાણકારી મળે તો (૦૨૭૬૩) ૨૭૦૦૫૨ માણસા પોલીસ સ્ટેશને જાણ કરવી.

## ચિઠોડા મુકામે ગ્રામ સંજીવની સમિતના સભ્યોનો વર્કશોપ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૫

ચિઠોડા મુકામે ચિઠોડા પ્રા. આરોગ્ય કેન્દ્રમાં ગ્રામ સંજીવની સમિતિના સભ્યોઓનો આરોગ્ય વિષયક વર્કશોપ યોજાયો હતો. જેમાં ચિઠોડા ગામના સરપંચ મરતાજી નિનામા દ્વારા દિપ પ્રાગટય કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ચિઠોડાના મેડીકલ ઓફિસર ડૉ. અશ્વિન અંસારી, રાજેન્દ્રસિંહ વાઘેલાના પ્રેઝન્ટેશન દ્વારા ગ્રામ સંજીવની સમિતિના સભ્યોને તેના કાર્યો વિશે જાણકારી આપી હતી તેમજ સરકાર દ્વારા ચાલતી વિવિધ આરોગ્ય યોજનાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. શૈલેષ હંબલીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આસારામના ૭ સાધકો સામે ચાર્જફ્રેમની કાર્યવાહી કરાઈ

## સાતેય સાધકો વિરુદ્ધ આશ્રમમાં બેદરકારી દાખવાના ગુનાઓ દાખલ : વધુ સુનાવણી ૧૬મી જાન્યુ.એ યોજાશે

અમદાવાદ, તા.૨૫

ચકચારી દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસમાં સંકળાયેલા આસારામ આશ્રમના સાત સાધકો પંકજ સક્સેના, યોગેશ ભાટી, મીન કેતન, ઈલિયાસ કેતન, વિકાસ ખનેકા, ઉદય સંઘવી, અજય શાહ અને કૌશિક વાણી વિરૂદ્ધ ચીફ મેટ્રોપોલીટન જજ એસ.વી. પારેખની કોર્ટમાં ચાર્જફ્રેમની કાર્યવાહી કરવામાં આવી. સાતેય સાધકો પર આશ્રમમાં બેદરકારી દાખવવા સહિતના ગુનાઓ નોંધાયેલા હતા. આ ગુનાઓની કબુલાત અંગે જજે સાધકોને પુછ્યું ત્યારે સાધકોએ ગુનો કબુલવા અર્થે ઈનકાર કરી દીધો હતો. હવે આ કેસની વધુ સુનાવણી ૧૬મી જાન્યુઆરીના રોજ યોજાશે. ૩ જુલાઈ ૨૦૦૮ના રોજ શહેરના મોટેરા વિસ્તાર સ્થિત આવેલ આસારામ આશ્રમમાં અભ્યાસ કરતા દિપેશ-અભિષેકની આશ્રમથી થોડે દૂર નદી કિનારે લાશ મળી આવી હતી.

આસારામ આશ્રમથી બાળક ગુમ થયાની અને નદી કિનારે બાળકોના મતૃદેહો મળી આવ્યાની ઘટનાથી રાજયભરમાં ચકચાર મચી ગઈ હતી. અમદાવાદમાં આસારામ વિરૂદ્ધ આંદોલન ફાટી નીકળ્યું હતું. આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ હતી. સીઆઈડી ક્રાઈમે આશ્રમમાં બેદકારી રાખવા સહિતના ગુનાઓ નોંધ આસારામ આશ્રમના સાત સાધકો પંકજ સક્સેના, યોગેશ ભાટી, મીન કેતન, ઈલિયાસ કેતન, વિકાસ ખેમકા, ઉદય સંઘવી, અજય શાહ, કૌશિક વાણીને આરોપી બનાવ્યા હતા અને ગતવર્ષે તેમની સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસમાં સાત સાધકો હાજર રહેવામાં વિલંબ કરતા હતા તેથી ચાર્જફ્રેમની કાર્યવાહી થઈ સકતી ન હતી. કોર્ટે સાધકો વિરૂદ્ધ લાલ આંખ કરતા તેઓ આજરોજ ચીફ મેટ્રોપોલીટન જજ એસ.વી. પારેખની કોર્ટમાં હાજર રહ્યા હતા જજે તેમના પર લગાવેલા આરોપોના કબુલાત અંગે પુછ્યું જેમાં સાતેય સાધકોએ લગાવેલ આરોપોને નકારી દીધા હતા. કોર્ટે આ તમામ સાધકો સામે ચાર્જફ્રેમની કાર્યવાહી કરી. કેસની વધુ સુનાવણી ૧૬મી જાન્યુઆરી રોજ રાખી છે.



કોંગ્રેસ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે દેખાવો યોજી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# પ્રાંતિજની બેંકોમાં લોકર સુવિધા વધારવા નાગરિકોની માંગ

## પ્રાંતિજમાં ચોરીનો ગ્રાફ વધતા કિમતી ચીજો ઘરમાં રાખવી મુસ્કેલ બની છે : ગ્રાહકો લોકર લેવા વિવિધ બેંકોમાં રજડે છે

પ્રાંતિજ, તા ૨૫

પ્રાંતિજ શહેરની બેંકોમાં બેંકના ગ્રાહકો માટે સોના-ચાંદીના દાગીના સહિતની કિંમતી ચીજવસ્તુઓ મુકવા માટે બેંક લોકર અપુરતા હોવાથી નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. અને બેંકમાં લોકરની સુવિધા વધારવા માટે માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજ સહિતના આસપાસના વિસ્તારોમાં રોજબરોજ ઘરફોડ ચોરીના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. નાગરિકોના કિંમતી ઘરેણા-દાગીના કે અન્ય કિંમતી ચીજો ચોરાઈ જવાના પણ કિસ્સાઓ બને છે. પોતાના જીવનભરની કમાણીની કિંમતી ચીજો અત્યારના સમયમાં સાચવવી ખૂબ કઠીન બની છે ત્યારે પ્રાંતિજની મોટા ભાગની બેંકોના બેંક લોકરોમાં ગ્રાહકોને લોકરની સેવા મળતી જ નથી. ગ્રાહકો ભાડુ આપવા તૈયાર હોવા છતાં લોકર માટે ધક્કા ખાઈ ખાઈ ત્રાસી ગયા છે. પ્રાંતિજમાં આવેલી બેંકોમાં લોકરની સુવિધા સહેલાઈથી મળે તે માટેની બેંકો વ્યવસ્થા કરે તેવી પ્રાંતિજના નાગરિકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# લક્ષ્મીપુરા સેવા મંડળીમાં કલમ-૯૩ હેઠળ તપાસણી અધિકારી નિમાયા

## રૂ. ૩૨૯૬૦૩૦ની નાણાંકીય અનિયમિતતાઓની ઓડીટર-ગ્રેડ-૧ ઈડર તપાસ કરી જવાબદારી નક્કી કરશે

ખેડબ્રહ્મા, તા.૨૫

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા સેવા સહકારી મંડળીમાં થયેલ વહીવટી અને નાણાંકીય ગેરરીતીની તપાસ માટે કરવામાં આવેલ અરજીના સંદર્ભે જિલ્લા રજીસ્ટ્રારે ચોકસી અધિકારીની નિમણુંક કરી હતી. ચોકસી અહેવાલમાં ગંભીર વહીવટી તથા રૂ. ૩૨૯૬૦૩૦ની નાણાંકીય અનિયમિતતાઓના અહેવાલના પગલે કલમ ૯૩ હેઠળ મંડળીની કામગીરીની તપાસણી કરવા તપાસણી અધિકારીની નિમણુંક કરી જવાબદારી નક્કી કરી નિયત સમય મર્યાદામાં અહેવાલ રજુ કરવા જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. કલમ ૯૩ હેઠળ લક્ષ્મીપુરા મંડળીની તપાસનો હુકમ થતા લક્ષ્મીપુરા ગામ તથા સમગ્ર તાલુકાના સહકારી ક્ષેત્રમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડયું છે.

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા સેવા સહકારી મંડળી લી.ના પાંચ જાગ્રત સભાસદોએ ઓગષ્ટ ૨૦૧૨માં મંડળીમાં થયેલ વહીવટી તથા નાણાંકીય ગેરરિતીની તપાસ કરાવવા માટે જિલ્લા રજીસ્ટ્રાર હિંમતનગરને અરજી કરવામાં આવી હતી તેથી મંડળીની ચોકસાઈ કરાવવા માટે ચોકસી અધિકારી તરીકે નિવૃત સ્પેશ્યલ ઓડીટર ડી.એસ. પરમારની નિમણુંક કરવામાં આવી હતી.

ચોકસી અધિકારીના તપાસ અહેવાલમાં ગંભીર વહીવટી તથા નાણાંકીય અનિયમિતતાઓનું તારણ નિકળ્યું હતું. ચોકસી અહેવાલમાં જણાવ્યા અનુસાર મંડળી દ્વારા સ્વર્ણિમ લોકફાળા પેટે રૂ. એક લાખ જમા કર્યાનો કંઈક આધાર મળ્યો નથી કે લોકફાળો ઉઘરાવવામાં પણ આવ્યો નથી પરંતુ તા. ૩-૫-૨૦૧૩ના રોજ ગ્રામ પંચાયતના ખાતે ઉધારવાના બદલે સ્થાવર જંગમ મિલકત ખાતે ઉધાર્યા છે. હીસાબોની વાસ્તવિક પરિસ્થિતિ મુજબ આ રૂ. ૧ લાખનો હવાલો ખોટો નાંખી મંડળીની સાધારણ સભામાં રજુ કરેલા હીસાબો પણ સાચા નથી જેથી આ એક લાખ રૂપિયાનું સેક્રેટરી સહીત વ્ય. કમિટીના સભ્યોએ સંસ્થાને નુકશાન પહોંચાડયું છે તેથી કલમ-૯૩ હેઠળ નુકશાની વસુલાતને પાત્ર છે.

વળી તા. ૧-૧૦-૧૦થી તા. ૩૧-૩-૧૧ સુધીના ઓડીટમાં નીકળેલી ખામી મુજબ સંસ્થાએ સીધી ખરીદી યોજના અન્વયે ખેત પેદાશોની ખરીદી અને વેચાણની કામગીરી કરી છે પણ પાકવાર-જણસવાર વેપારપત્રક બનાવવામાં આવ્યું નથી જેથી મંડળીના સાચા નફાનું તારણ થઈ શકતું નથી. વળી મંડળી દ્વારા સ્વીકારવામાં આવેલ નવી પેટા કાયદામાં સીધી ખરીદીની કામગીરી કરવાની કોઈ જોગવાઈ ન હોવા છતાં મંડળીના વહીવટકર્તાઓએ ખરીદી કરી સંસ્થાને મોટું આર્થિક નુકશાન પહોંચાડયું છે.

મંડળીના વહીવટકર્તાઓએ છેલ્લા ૩ વર્ષમાં દિવેલા ખરીદીમાં રૂ. ૩૧૯૬૦૩૦ની ખોટ ચઢતા વ્યાજે સને ૨૦૧૧-૧૨ના સમયગાળાની વ્યવસ્થાપક કમિટી તેમજ સેક્રેટરી પાસેથી વસુલાત કરવા ચોકસી અધિકારીઓએ ભલામણ કરી છે. આમ લક્ષ્મીપુરા મંડળીમાં રૂ. ૩૨૯૬૦૩૦ની મોટી નાણાંકીય અનિયમિતતાઓ બહાર આવવા પામી છે.

## શબ્દાવલી - ૫૨૩૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | | | ■ | |
| | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | |
| | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. સાવકી મા, નવી મા (૪)
૫. લગ્ન, શાદી (૩)
૭. રીસામણાને હિન્દીમાં... કહે છે (૪)
૮. રોકડાં નાણાં (૩)
૧૦. અપેક્ષા, ઈચ્છા (૨)
૧૧. એક પ્રકારનો દિવો (૩)
૧૨. 'હા'નું અંગ્રેજી... થાય (૨)
૧૪. યંત્ર માનવ (૨)
૧૫. યંત્ર માનવ (૨)
૧૭. લાપોટીયા, એક રમત (૩)
૨૦. ઉજાસ, ચમકારો (૩)
૨૧. શ્રીકૃષ્ણની પ્રિયા (૨)
૨૨. એક ધાતુ (૩)
૨૩. ઈન્સાનિયત, માણસ હોવું તે (૪)

### ઊભી ચાવી

૧. પરોઢ (૫)
૨. પરૂ, રસી (૨)
૩. મોકલવું તે, રવાના કરવું (૪)
૪. ધ્વનિવર્ધક યંત્ર (૩)
૫. નિયમ (૨)
૬. નિરાશ થવું તે (૩)
૯. દાટવું તે (૩)
૧૦. આશ્રય (૩)
૧૩. સુરક્ષિત (૪)
૧૪. બુટચંપલ બનાવતી એક પ્રખ્યાત કંપની (૨)
૧૬. ઝાડ જેવા જ વૃક્ષનું નાનકડું સ્વરૂપ જે કુંડામાં ઘરમાં વવાય તે (૪)
૧૮. સાવ ખાલી, મિથ્યા (૩)
૧૯. નિશાની (૩)
૨૦. 'પીચ' શબ્દ ઊંધો (૨)
૨૧. આજની ગૃહિણીઓને... વગરના ચાલે (૨)

### શબ્દાવલી ૫૨૩૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) કમાડ (૩) ચબરાક (૬) મન (૭) કુંપળ (૮) પડળ (૯) નાશ (૧૦) વરાળ (૧૧) ખગ (૧૨) પડાવ (૧૩) ઘંટારવ (૧૪) લંકા (૧૫) રોવે (૧૬) રકાબી (૧૯) લપ (૨૧) વગ (૨૨) અસુર

**ઊભી ચાવી :-** (૧) કમળ (૨) માન (૩) ચપળ (૪) બળ (૫) કપાસ (૭) કુંડળ (૮) પરાવલંબી (૯) નાગરવેલ (૧૦) વડા (૧૧) ખટારો (૧૨) પગરવ (૧૭) કાગ (૧૮) કાંસુ (૨૦) પણ

# પાલજ ગામે ૩૦ વર્ષીય મહિલાએ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા.૨૫

ગાંધીનગર તાલુકાના પાલજ ગામે રહેતી ૩૦ વર્ષીય ગીતાબેને કોઈ કારણોસર દવા ગટગટાવતાં તેણીને તુરત જ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સ દ્વારા લઈ જવાયા હતા.

પાલજ ગામે રહેતી ગીતાબેન સેંધાભાઈ ઠાકોરે કોઈ કારણોસર પોતાના ઘરે કોઈ ઝેરી દવા પી જતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર લઈ જવાયા હતા. ગીતાબેન ઠાકોર ચાર વર્ષનો લગ્નગાળો ધરાવે છે. આજે બપોરના સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજયું હતું. આ અંગે ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી લીધો છે. વધુ તપાસ પી.એસ.આઈ. એસ.આર. પટેલ ચલાવી રહ્યા છે.

# હવે ગુજકોમાસોલ ૪ હજારના ટેકાના ભાગે મગફળી ખરીદશે

## મબલખ ઉત્પાદન થતા ખેડૂતોને પોષણ ભાવ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલા ભાવે ખરીદી કરાશે

ગાંધીનગર, તા.૨૫

રાજયકક્ષાના કૃષિ અને અન્ન તથા નાગરીક પુરવઠા મંત્રી ગોવિંદ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી અધિકારીઓની બેઠકમાં રાજયમાં મગફળીના મબલખ ઉત્પાદન સામે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. ચાર હજાર કવીન્ટલના ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવાની આજે સત્તાવાર જાહેરાત કરી હતી. પુરવઠા વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર નક્કી કરેલા ટેકાના ભાવ મુજબ ગુજરાતમાંથી પણ ખેડૂતો પાસેથી મગફળી ખરીદવામાં આવશે. આ અંગે નોડલ એજન્સી તરીકે ગ્રાફેડ અને સ્ટેટ એજન્સી તરીકે ગુકોમાસોલને જવાબદારી સોંપવામાં આવી છે. સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવા ગુજકોમાસોલ દ્વારા અગાઉથી ૩૪ કેન્દ્રો ખોલી દેવામાં આવ્યા છે. આ વિવિધ કેન્દ્રો પર ખેડૂતો પાસેથી અત્યાર સુધી લગભગ ૩૮૦૦ મેટ્રીક ટન મગફળી ખરીદવામાં આવી છે જે લગભગ ૧.૦૯ લાખ ગુણી થાય છે.

## વિશેષ ગ્રાન્ટ અપાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાં આજે પણ સફાઈનો મુદ્દો ચર્ચાનો મુદ્દો રહેશે તેમ મનાઈ રહ્યું છે. દિપાવલી પર્વ પછી શહેરમાં વધેલી ગંદકી અને ત્યાર બાદ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની ઓચીંતી છાપામારીમાં પકડાયેલ તંત્રની ઉદાસીનતા અને મેયરે પણ આપેલ નોટીસો પછી પણ અસરકારક કામગીરી નહિ થઈ હોવાની બાબતો આજની બેઠકમાં પડઘાશે તેમ જાણવા મળેલ છે. મળતા નિર્દેશો પ્રમાણે સફાઈના મુદ્દે તંત્ર દ્વારા મોનીટરીંગ સેલ ઉભુ કરવા માટે કોઈ નીતિ વિષયક નિર્ણય લેવાય તેવી શક્યતાઓ છે.

## એપીપીનો વિજય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડી. પરમાર તેમજ ઉપપ્રમુખ પદે કિશોરસિંહ વાઘેલાને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. પ્રમુખપદ માટે ત્રણ તેમજ ઉપપ્રમુખ પદ માટે બે સરકારી વકીલોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પ્રમુખ પદ માટે ૨૨૧ વકીલોએ મતદાન કર્યું હતું. વિજેતા ઉમેદવાર અશ્વિનભાઈએ ૮૪ મત મેળવ્યા હતા. જયારે ઉપપ્રમુખ પદ માટે બે ઉમેદવારો પૈકી કિશોરસિંહ વાઘેલાનો વિજય થયો હતો. એ.પી.પી. એસોસિએશનની ચૂંટણી દર બે વર્ષે યોજવામાં આવે છે. મેટ્રો કોર્ટ સંકુલમાં મતદાનની પ્રક્રિયામાં જૂનાગઢ, સુરત, બરોડા, જામનગર, ગોધરા અને કચ્છ-ભૂજ સહિત રાજયના વિવિધ વિસ્તારોમાંથી ઉપસ્થિત વકીલોએ મતદાન કર્યું હતું.

## મુક્તિધામ લઈ જવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કૈલાસ વૃધ્ધાશ્રમ પેથાપુરમાં છે જયાં આવા છતે દિકરે ઓશિયાળા વૃધ્ધોની સાર સંભાળ રખાય છે. રેવાબેન છેલ્લા એક વર્ષથી અહીં રહેતા તેમની ખુબ સારી સંભાળ રખાતી. આજે સવારે અચાનક તેઓ બેભાન થઈ ગયા. કૈલાસધામ દ્વારા એમને સિવિલ હોસ્પિટલ ખાસે ખસેડાયા. માંડ દસેક મિનિટ થઈ હશે અને રેવાબાએ અંતિમ શ્વાસ લીધા. જીંદગી એમને હાથતાળી આપી ગઈ. તેમની પાસે સેવા અર્થે આવેલા સજનબાએ મોતનો મલાજો જાળવી તેમનો દીકરો જે અમદાવાદ ખાતે રહેતો હતો તેને તાબડતોબ બોલાવ્યો. દીકરો એની ફુરસદે શાંતિથી સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યો. સાથે બે ચાર સગાવહાલા પણ હતા. દીકરાને કદાચ ખબર પણ નહોતી કે મા જીવે છે કે નહિ? સિવિલ હોસ્પિટલનો સ્ટાફ અને જુસીકાના કાર્યકરો ગમગીન ચહેરે રેવાબાના મૃતદેહ પાસે ઉભા હતા પણ દિકરાની હિંમતને દાદ દેવી પડે. તેણે તરત શબવાહિની મંગાવી માના મૃતદેહને લીધું સે-૩૦ અંતિમધામ ભણી.. લોકલાજે માના મૃતદેહને અગ્નિદાહ દેવો પડે ને...? આ દિકરાને કે તેના સગા વ્હાલાને કોઈ પરંપરા માન્ય નહોતી ફકત તેમને રસમ નિભાવવી હતી... નિયમ મુજબ ચિતા ખડકાઈ, દીકરાએ અગ્નિદાહ દીધો અને જોત જોતામાં બાનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં ભળી ગયો. દીકરો અને સગાવહાલાં સૌ પોત પોતાને ઘરે ગયા. ન કોઈ શોક, ન કોઈ વિલાપ, ન ચહેરા પર ગમગીની. ધન્ય છે કળિયુગના શ્રવણને...